# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૦ તા.૨૯-૦૬-૨૦૨૧

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- મ્યુનિ. શાળાઓમાં વૃક્ષારોપણ કરવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે હાલમાં અમદાવાદ શહેરમાં વર્ષાઋતુનું આગમન થઈ ચૂકયું છે. શાળાઓમાં વૃક્ષારોપણ કરવા માટે ચોમાસાની ઋતુ ઉત્તમ ગણાય. તેથી આપણી શાળાઓમાં વધુને વધુ વૃક્ષો વાવવા, ઉછેરવાનું અસરકારક આયોજન શાળા કક્ષાએ કરવાનું થાય છે.તમારા ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રી દ્વારા માર્ગદર્શન મેળવી તા.૦૧-૦૭-૨૦૨૧ તથા તા.૦૨-૦૭-૨૦૨૧ના રોજ મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવાનું રહેશે. શાળામાં મુખ્યત્વે સરગવો,લીમડો અથવા ગરમાળા જેવા આયુર્વેદિક અને પોષણ ક્ષમતા ધરાવતા વૃક્ષોની પસંદગી કરવી. સામાન્ય રીતે રમતના મેદાનમાં વૃક્ષારોપણ ન કરવું. શાળાની કમ્પાઉન્ડ વોલની કરતે ૧ મિટરના અંતરે બે હરોળમાં વૃક્ષારોપણ કરી શકાશે. જે શાળાઓમાં પુરતી જગ્યા છે તેમણે શાળામાં વૃક્ષારોપણનો એક પ્લોટ તૈયાર કરીને ત્યાં બાળવાટીકા/નર્સરીનું નામાભિધાન કરવું. ફળફળાદી, શાકભાજી, પાલકના પ્લોટ પણ તૈયાર કરી શકાય.

૧. વૃક્ષારોપણ માટે અ.મ્યુ.કોર્પો.ના ગાર્ડન વિભાગ દ્વારા રોપા આપવામાં આવનાર છે. તે રોપા વાવવાના રહેશે.

૨. ગાર્ડન વિભાગના સંકલનમાં રહી યોગ્ય જગ્યા-ડિસ્ટન્સ સાથે વૃક્ષો વવાય તે ખાસ જોવું.

૩. રમતના મેદાનમાં કે દિવાલને એકદમ અડીને વૃક્ષો વવાય નહી તે ધ્યાન રાખવું.

૪. વૃક્ષારોપણ બાદ મુખ્ય શિક્ષકશ્રીએ શિક્ષકને વૃક્ષ ઉછેરવાની જવાબદારી સોંપવી, દર માસે તેનું રિપોર્ટીંગ મેળવતા રહેવું. ચોમાસાની ઋતુ બાદ ઉનાળામાં પાણી સમયાંતરે પિવડાવાય તેની જવાબદારી નિયત કરાવી.

૫. વૃક્ષારોપણ બાદ ઉછેર માટે ગાર્ડનખાતાનો સંપર્ક કરી ટ્રી ગાર્ડથી રક્ષણ કરવું.

૬. વૃક્ષારોપણ વખતે કોરોનાની એસઓપી ગાઈડલાઈનનું પાલન કરવાનું રહેશે.

અત્રેથી શાળા મુલાકાત દરમ્યાન તમારી શાળામાં થયેલ વૃક્ષારોપણનું નિરીક્ષણ કરવામાં આવશે મ્યુનિ. શાળામાં જરૂરિયાત મુજબના વૃક્ષો ઉપરાંત વધુ રોપાઓ જોઇતા હોય તો નજીકની નર્સરી અથવા મ્યુનિ. કોર્પોરેશનના બગીચાખાતાનો સંપર્ક કરી મેળવવા.

તા.૨૯-૦૬-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી